# તા.:૨૧– ૧૨– ૨૦૧૮ ની કારોબારી કમીટીની કાર્યનોંધ

..........................................................................................................................

કા.સ.ઠ.નં. ૩૩૦ / તા.:૨૧–૧૨–૨૦૧૮
––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––––

––

<u>કામ નં.–૧</u>

<u>વિષયઃ–</u> નામદાર હાઈકોર્ટ, ગુજરાત અમદાવાદ, સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન નંબર.: ૩૦૬૨ / ૨૦૧૫ તા.: ૦૨ / ૧૧ / ૨૦૧૮ ના રોજ આવેલ ચુકાદા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઈન્ટરનલ ઓડિટરશ્રી તથા એકાઉન્ટન્ટશ્રી નો રીપોર્ટ તેમજ કમિશ્નરશ્રી મ્યુનિસિપલ એડમિનિસ્ટ્રેશનની કચેરી, સચિવાલય, ગાંધીનગરના તા.: ૦૫/૦૫/૨૦૧૮ ના આવેલ મહેકમમાં ભરતી પ્રક્રીયા તથા કોર્ટ કેસ અંગેનો પરિપત્રમાં જણાવેલ શરતો નંબર : ૧ થી ૧૦ વંચાણે લેવામાં આવી.

નામદાર હાઈકોર્ટ, ગુજરાત અમદાવાદ, સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન નંબર : ૩૦૬૨ / ૨૦૧૫ તા.: ૦૨ / ૧૧ / ૨૦૧૮ ના રોજ આવેલ ચુકાદા સંબંધે થયેલ નીચેના નિર્દેશો ધ્યાને લેવા જરૂરી છે.

૧) નગરપાલિકાના મંજુર થયેલ મહેકમની જગ્યા ૩૯૦ છે. જેની સામે ભરાયેલ જગ્યાઓ ૨૩૬ છે. અને હાલે ૧૫૪ જગ્યાઓ ખાલી છે.

૨) ખાલી જગ્યાઓની સામે નગરપાલિકામાં હાલમાં ૪૪૬ હંગામી / રોજીંદા કર્મચારીઓ કામગીરી કરી રહયા છે.

૩) નામદાર હાઈકોર્ટના ડાયરેકશન મુજબ જો હંગામી રોજીંદા કર્મચારીઓને છેલ્લા પાંચ વર્ષનું એરિયસ ચૂકવવાનું થાય તે સંજોગોમાં આશરે ૯,૪૮,૦૯,૦૦૦/– નું ભારણ નગરપાલિકા પર આવે એમ છે.

૪) નામદાર હાઈકોર્ટના ડાયરેકશન મુજબ હંગામી રોજીંદા કર્મચારીઓને તા.: ૧–૧–૨૦૧૯ ની અસરથી લધુત્તમ પગાર ધોરણે પગાર ચૂકવવામાં આવે તેવા સંજોગોમાં નગરપાલિકા ઉપર દર માસે આશરે ૪૪ લાખનું ભારણ વધે તેમ છે.

૫) મંજુર થયેલા મહેકમની ખાલી જગ્યાઓ ઉપર તેમજ નગરપાલિકાના હંગામી રોજીંદા કર્મચારીઓને કાયમી કરતાં પહેલા સરકારશ્રીની પૂર્વ મંજુરી આવશ્યક છે.

૬) નામદાર હાઈકોર્ટના આપવામાં આવેલ ડાયરેકશન મુજબ મુદ્દા નંબર–૫ અને ૬ જોતાં સદરહુ બાબતે સરકારશ્રી કક્ષાએથી યોગ્ય માર્ગદર્શન તેમજ નિર્દેશો મેળવવાના થાય છે.

૭) નગરપાલિકાની આર્થિક પરિસ્થિતિ અને હાલના સંજોગોમાં નિયમિત પગારો અને પેન્શન માસિક આશરે રૂા. ૧,૫૭,૭૮,૮૪૩/– નું ભારણ છે. અને વીજબિલો, પાણી પુરવઠા ચાર્જિસ, પ્રાથમિક સેવાઓ પગાર, લાઈટ બીલ, વિગેરેનો અંદાજીત વાર્ષીક ખર્ચ અંદાજે રૂા. ૧૨,૧૧,૭૫,૬૭૬/– થાય છે. જેની સામે સ્વકીય વાર્ષીક અંદાજીત આવક રૂા.૪,૫૪,૫૫,૮૫૮/–જેટલી થાય છે. આમ ઉપરોકત દર્શાવેલ હકીકતોથી નામદાર હાઈકોર્ટના તા.: ૨–૧૧–૨૦૧૮ ના કરવામાં આવેલ ચુકાદા અંગે પુખ્ત ચર્ચાવિચારણા કરતાં નગરપાલિકા સદરહુ ડાયરેકશનનો હકારાત્મક રીતે અમલવારી કરવા ધારે તો પણ આવકના સિમિત સ્ત્રોતો અને શહેરના નાગરીકોને પ્રાથમિક સેવાઓ પુરી પાડવાની જવાબદારીઓના ખર્ચાઓ વિગેરે જોતાં નિયત સમય મર્યાદામાં તેની અમલવારી થઈ શકે તેમ નથી.

આ ઉપરાંત કેટલાંક નિર્દેશો પરત્વે સરકારશ્રી કક્ષાએથી પણ જરૂરી આદેશો લેવાના થાય છે. તેવા સંજોગોને ઘ્યાને લેતાં તેમજ મે. કમિશ્નરશ્રી મ્યુનિસિપલ એડમિનિસ્ટ્રેશનની કચેરી, સચિવાલય, ગાંધીનગર, તા.: ૦૫/૦૫/૨૦૧૮ પરીપત્રો સુચનાઓ ઘ્યાને લેતાં નામદાર હાઈકોર્ટ ઘ્વારા ચુકાદા પરત્વે વહીવટી વિભાગ /સરકારશ્રીની પુર્વ મંજુરી લેવાની થાય છે. જે સંજોગોમાં નામદાર હાઈકોર્ટના થયેલ નિર્દેશોનો સમય મર્યાદામાં પાલન થઈ શકે તેમ ન હોવાથી નગરપાલિકાના એડવોકેટશ્રીનો અભિપ્રાય મેળવી અપીલ દાખલ કરવાનું ઠરાવવામાં આવે છે. તેમજ ભવિષ્યમાં કર્મચારી યુનિયન અને નગરપાલિકા ઘ્વારા પરિસ્થિતિ અને તમામ પાસાઓને વિચારણામાં લઈને સરકારશ્રીની જરૂરી મંજુરી મેળવીને સમાધાનકારી કાર્યવાહી કરવા અંગેનું આવેલ કામ નીતિ વિષયક હોય જરૂરી આગળની કાર્યવાહી કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૩૩૧ / તા.:૨૧–૧૨–૨૦૧૮

---

<u>કામ નં.–૨</u>

<u>વિષયઃ–</u> સાર્વજનિક વિજય મંડળ, પારડી સાંઢપોર–મોગરાવાડી, વલસાડનો ૫૫ માં રસોત્સવ પ્રસંગે પ્રસિધ્ધ

થનાર સોવિનિયરમાં જાહેરાત આપવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, સાર્વજનિક વિજય મંડળ, પારડી સાંઢપોર–મોગરાવાડી, વલસાડ, ઈ.સ. ૧૯૬૫ માં સ્થપાયેલ મંડળ છે. સામાજીક, સાંસ્કૃતિક રમત ગમત ક્ષેત્રે અબાલ વૃધ્ધ માટે પ્રવૃતિમય રહેલ મંડળનો ૫૫ (પંચાવન ) માં રસોત્સવ પ્રસંગે સોવિનિયર પ્રસિધ્ધ કરવામાં આવનાર છે. જે સોવિનિયરમાં નગરપાલિકાની જાહેરાત આપવા અંગેની માંગણી કરતી તા.:૧૧–૧૨–૨૦૧૮ ના રોજ આવેલ અરજીને ધ્યાને લઈ, આપવા સાર્વજનિક વિજય મંડળ, પારડી સાંઢપોર–મોગરાવાડી,વલસાડને મંડળની પ્રવૃતિને વેગવાન બનાવવા, "૫૫ (પંચાવન ) માં રસોત્સવ પ્રસંગે, મંડળની પ્રવૃતિને વેગવાન બનાવવા રૂા. ૨૦,૦૦૦/– અંકે રૂા. વીસ હજાર પુરાની મર્યાદામાં આપવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.  ૩૩૨ / તા.:૨૧–૧૨–૨૦૧૮.

---

––વ. કા. નં.–૧

વિષયઃ– સ્ટાર રેટીંગ ઓફ ગારબેજ ફ્રી સીટી જાહેર કરવા અંગેની દરખાસ્ત કરવા બાબત..

ઠરાવ.:

નામદાર સરકારશ્રી ધ્વારા સ્વચ્છ ભારત મિશન અર્બન કાર્યક્રમ સને–૨૦૧૪ થી અમલમાં મુકેલ છે આ કાર્યક્રમ –૨૦૧૯ સુધી ચાલનાર છે આ કાર્યક્રમ અંતર્ગત હાલે સ્વચ્છતા સર્વેક્ષણ–૨૦૧૯ કાર્યક્રમ ચાલી રહેલ છે. જેનું સર્વેક્ષણ જાન્યુઆરી–૨૦૧૯ ના માસમાં યોજાનાર છે.

સ્વચ્છ ભારત મિશન કાર્યક્રમ અંતર્ગત ના. સરકારશ્રી ધ્વારા જુદા જુદા કોમ્પોનન્ટ નકકી કરવામાં આવેલ છે અને આ નકકી કરવામાં આવેલ કમ્પોનન્ટ મુજબ નગરપાલિકાએ કામગીરી કરવાની થાયછે. નકકી થયેલ કમ્પોનન્ટ પૈકી ૨ અને ૩ સ્ટાર રેટીંગ ઓફ ગારબેજ ફ્રી સીટી ઉપર સરકારશ્રી ધ્વારા નકકી કરેલ ગાઈડ લાઈન મુજબ નગરપાલિકાએ કામગીરી કરી શહેરને ૨ અને ૩ સ્ટાર રેટીંગ ઓફ ગારબેજ ફ્રી સીટી જાહેર કરવા અંગેની દરખાસ્ત નામદાર સરકારશ્રીને કરવાની થાય છે અને આ માટે જે કોઈ કાર્યવાહી કરવાની થાય છે તે કાર્યવાહી કરવાની સત્તા પ્રમુખશ્રી વલસાડ નગરપાલિકા તથા ચીફ ઓફીસરશ્રી વલસાડ નગરપાલિકાને જ.બો.ઠ.નં.: ૬૪૨ / તા.: ૩૦ / ૧૦ /૨૦૧૮ થી આપવામાં આવેલ હતી. નગરપાલિકાએ શહેરને ૨ અને ૩ સ્ટાર રેટીંગ ગારબેજ ફ્રી સીટી જાહેર કરતા પહેલા નાગરિકોના વાંધા સુચનો મંગાવવાના થાય છે આ અંગે નગરપાલિકાએ તા.: ૨૭/૧૧/૨૦૧૮ ના રોજના 'દિવ્ય ભાસ્કર '' દૈનિકપત્રમાં જાહેરાત પ્રસિધ્ધ કરાવી વાંધા સૂચનો મંગાવેલ હતા પરંતુ સમય મર્યાદામાં કોઈવાંધા સુચનો ન આવતા તેમજ નગરપાલિકાએ કોમ્પોનન્ટની ગાઈડ લાઈન મુજબ કામગીરી શરૂ કરેલ હોઈ શહેરને ૨ અને ૩ સ્ટાર રેટીંગ ગારબેજ ફ્રી સીટી જાહેર કરવા અંગેની દરખાસ્ત ના. સરકારશ્રીમાં કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં .૩૩૩/ તા.:૨૧–૧૨–૨૦૧૮

---

––<u>વ. કા. નં.–૨</u>

વિષયઃ– શહેરને ઓ.ડી.એફ. પ્લસ જાહેર કરવા અંગેની દરખાસ્ત કરવા બાબત..

<u>ઠરાવ.ઃ</u>

નામદાર સરકારશ્રી ધ્વારા સ્વચ્છ ભારત મિશન અર્બન કાર્યક્રમ સને–૨૦૧૪ થી અમલમાં મુકેલ છે આ કાર્યક્રમ –૨૦૧૯ સુધી ચાલનાર છે આ કાર્યક્રમ અંતર્ગત હાલે સ્વચ્છતા સર્વેક્ષણ–૨૦૧૯ કાર્યક્રમ ચાલી રહેલ છે. જેનું સર્વેક્ષણ જાન્યુઆરી–૨૦૧૯ ના માસમાં યોજાનાર છે.

સ્વચ્છ ભારત મિશન કાર્યક્રમ અંતર્ગત ના. સરકારશ્રી ધ્વારા જુદા જુદા કોમ્પોનન્ટ નકકી કરવામાં આવેલ છે અને આ નકકી કરવામાં આવેલ કમ્પોનન્ટ મુજબ નગરપાલિકાએ કામગીરી કરવાની થાય છે. નકકી થયેલ કમ્પોનન્ટ પૈકી (૧) ઓ.ડી.એફ પ્લસ કોમ્પોનન્ટમાં સરકારશ્રી ધ્વારા નકકી કરેલ ગાઈડ લાઈન મુજબ નગરપાલિકાએ કામગીરી કરી શહેરને ઓ.ડી.એફ પ્લસ જાહેર કરવા અંગેની દરખાસ્ત નામદાર સરકારશ્રીને કરવાની થાય છે અને આ માટે જે કોઈ કાર્યવાહી કરવાની થાય છે તે કાર્યવાહી કરવાની સત્તા પ્રમુખશ્રી વલસાડ નગરપાલિકા તથા ચીફ ઓફીસરશ્રી વલસાડ નગરપાલિકાને જ.બો.ઠ.નં.ઃ ૬૪૨ / તા.ઃ ૩૦ / ૧૦ /૨૦૧૮ થી આપવામાં આવેલ હતી. નગરપાલિકાએ શહેરને ઓ.ડી.એફ પ્લસ જાહેર કરવા અંગે તા.ઃ ૧૦/૧૦/૨૦૧૮ ના રોજના ' ગુજરાત સમાચાર '' દૈનિકપત્રમાં તથા ૧૮/૧૦/૨૦૧૮ નાં રોજના ' દિવ્ય ભાસ્કર ' દૈનિક પત્રમાં જાહેરાત પ્રસિધ્ધ કરાવી વાંધા સૂચનો મંગાવેલ હતા પરંતુ સમય મર્યાદામાં કોઈવાંધા સુચનો ન આવતા તેમજ નગરપાલિકાએ કોમ્પોનન્ટમાં ગાઈડ લાઈન મુજબ કામગીરી શરૂ કરેલ હોઈ શહેરને ઓ.ડી.એફ પ્લસ જાહેર કરવા અંગેની દરખાસ્ત ના. સરકારશ્રીમાં કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૩૩૪ / તા.:૨૧–૧૨–૨૦૧૮.

---

–– <u>વ. કા. નં.–૩</u>

<u>વિષયઃ–</u> નામદાર હાઈકોર્ટ, ગુજરાત અમદાવાદ, સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન નંબર.: ૩૦૬૨ / ૨૦૧૫, તા.: ૦૨/૧૧/ ૨૦૧૮ ના રોજ આવેલ ચુકાદા બાબત..

<u>ઠરાવ.:</u>

નામદાર હાઈકોર્ટ, ગુજરાત અમદાવાદ, સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન નંબર.: ૩૦૬૨ / ૨૦૧૫ તા.: ૦૨/૧૧/ ૨૦૧૮ ના રોજ આવેલ ચુકાદા અન્વયેના આવેલ કામે, પેનલ એડવોકેટ તરીકે અગાઉ દિપકભાઈ સંચેલા, અમદાવાદની નિમણુંક આપવામાં આવેલ હતી. જે હકીકતોથી વિદીત થતાં, નામદાર હાઈકોર્ટ, ગુજરાત અમદાવાદ, સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન નંબર.: ૩૦૬૨ / ૨૦૧૫ તા.: ૦૨/૧૧/ ૨૦૧૮ ના રોજ આવેલ ચુકાદા અંગે ના કેસમાં અપીલ દાખલ કરવા અંગેના કામે , એડવોકેટશ્રી દિપકભાઈ સંચેલા, અમદાવાદની નિમણુંક આપી તેમની પાસે સદરહુ ઉપરોકત કેસની કામગીરી માટે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૩૩૫ / તા.:૨૧–૧૨–૨૦૧૮.

---

––<u>વ. કા. નં.–૪</u>

<u>વિષયઃ– </u>કા.સ.ઠ.નં. ૨૩૭ / તા.: ૧૫–૧૦–૨૦૧૮ થી મંજુર થયા મુજબ, પેન્ટ શર્ટ, ગણવેશ કાપડ, તથા સિલાઈ સાથેના આવેલ ભાવો મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

વલસાડ નગરપાલિકાનાં વર્ગ–૪ નાં અરજદાર શ્રી ભરત. ડી.ચૌહાણ, વિગેરે, ઓફિસ સ્ટાફના કાયમી પટાવાળા ,વોચમેન, વિગેરે કુલ–૦૯, વિ. કર્મચારીઓને દર બે વર્ષે, બે જોડી, ટેરીકોટનના ગણવેશ નિયમોનુસાર આપવાના થાય છે. તે મુજબ ચાલુ વર્ષે બે જોડી ટેરીકોટન ગણવેશ આપવાના થતાં હોય, કા.સ.ઠ.નં. ૨૩૭ / તા.: ૧૫–૧૦–૨૦૧૮ થી મંજુર થયા મુજબ, સ્થાનિક બજારમાંથી પેન્ટ શર્ટ, ગણવેશ કાપડ, ખરીદી તથા સિલાઈ કામ સાથેના ભાવો મંગાવતાં, નીચે મુજબના ત્રણ વેપારીઓના ભાવો આવેલ છે. જેનું તુલનાત્મક પત્રક નીચે મુજબ છે.

| અ.નં. | વેપારીનું નામ. | એક જોડી કાપડ તથા સિલાઈ સાથેનો ભાવ. રૂા. |
|---|---|---|
| ૧. | શ્રી કેપીટલ ટેલર્સ,<br>જકાત નાકા પાસે, મોગરાવાડી રોડ, વલસાડ. | 1130-00 |
| ૨. | શ્રી વિણા ટેલર્સ,<br>૪૨,ડી.એન. શોપીગ સેન્ટર,વલસાડ. | 1050-00 |
| ૩. | શ્રી વિજય ભીંસે મેન્સવેર,<br>૧૦૮, નાથુભાઈ કો.મોગરાવાડી, વલસાડ. | <u>910-00</u> |

ઉપરોકત આવેલ ત્રણ ભાવોનું તુલનાત્મક પત્રક જોતાં, એકંદરે, શ્રી વિજય ભીંસે મેન્સવેર, ૧૦૮, નાથુભાઈ કો.મોગરાવાડી, વલસાડનો, એક જોડી ખાખી ગણવેશ કાપડ તથા સિલાઈ સાથેનો ભાવ રૂા.<u>910-00</u> અંકે રૂા. નવસો દશ પુરા, સૌથી ઓછા આવેલ હોઈ, સદરહું સૌથી ઓછા ભાવો મંજુર કરી," શ્રી વિજય ભીંસે મેન્સવેર, ૧૦૮, નાથુભાઈ કો. મોગરાવાડી, વલસાડ પાસેથી જરૂરીયાત મુજબનું કાપડ ખરીદી કરી, સિલાઈ કામ કરી આપવાનું તથા ખરીદી કર્યા બાદ કાપડ તથા સિલાઈનું આવતાં બીલનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં .૩૩૬/ તા.:૨૧–૧૨–૨૦૧૮

---

––<u>વ. કા. નં.–૫</u>

<u>વિષયઃ–</u> કા.સ.ઠ.નં. ૨૨૨ / તા.: ૧૫–૧૦–૨૦૧૮ થી મંજુર થયા મુજબ, ગરમપેન્ટ , તેમજ ગરમ કોટ સિલાઈ કામના આવેલ ભાવ મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

વલસાડ નગરપાલિકાનાં કાયમી કર્મચારી શ્રી ઈશ્વરભાઈ છોટુભાઈ પટેલ, વિગેરે કુલ–૧૩, પટાવાળાઓ વિ. કર્મચારીઓને દર ચાર વર્ષે , ગરમપેન્ટ, તેમજ ગરમ કોટ આપવાના થાય છે. તે મુજબ ચાલુ વર્ષે ગરમપેન્ટ, તેમજ ગરમ કોટ આપવાના થતાં હોય, કા.સ.ઠ.નં. ૨૨૨ / તા.: ૧૫–૧૦–૨૦૧૮ થી મંજુર થયા મુજબ, સ્થાનિક બજારમાંથી ગરમપેન્ટ, તેમજ ગરમ કોટ આપવાના સિલાઈ કામના ભાવ મંગાવતાં નીચે મુજબના ત્રણ વેપારીઓના ભાવ આવેલ છે. જેનું તુલનાત્મક પત્રક નીચે મુજબ છે.

| અ.નં. | વેપારીનું નામ. | ગરમકોટ, ગરમપેન્ટ એક જોડી સિલાઈ કામનો ભાવ. રૂા. |
|---|---|---|
| ૧. | શ્રી વિજય ભીંસે મેન્સવેર,<br>૧૦૮, નાથુભાઈ કો.મોગરાવાડી, વલસાડ. | <u>1460-00</u> |
| ૨. | શ્રી વિણા ટેલર્સ,<br>૪૨,ડી.એન. શોપીગ સેન્ટર,વલસાડ. | 1670-00 |
| ૩. | શ્રી કેપીટલ ટેલર્સ,<br>જકાત નાકા પાસે, મોગરાવાડી રોડ, વલસાડ. | 1730-00 |

ઉપરોકત આવેલ ત્રણ ભાવોનું તુલનાત્મક પત્રક જોતાં, એકંદરે ,એક જોડી ગરમકોટ, અને ગરમપેન્ટ આપવાના ફકત સિલાઈ કામના ભાવ, શ્રી વિજય ભીંસે મેન્સવેર, ૧૦૮, નાથુભાઈ કો.મોગરાવાડી, વલસાડના, રૂા.1460-00 અંકે રૂા.એક હજાર,ચારસો સાંઠ પુરા, સૌથી ઓછો ભાવો આવેલ છે. સદરહુ સૌથી ઓછા ભાવો મંજુર કરી, મંજુર થયેલ ભાવે, શ્રી વિજય ભીંસે મેન્સવેર, ૧૦૮, નાથુભાઈ કો.મોગરાવાડી, વલસાડ પાસે ગરમપેન્ટ અને ગરમકોટ સિલાઈ કામ કરાવી, તથા સિલાઈ કામ કરાવ્યા બાદ આવતાં, સિલાઈ કામનું બીલ ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૩૩૭ / તા.:૨૧–૧૨–૨૦૧૮.

---

––વ. કા. નં.– ૬

વિષયઃ– નામદાર હાઈકોર્ટ, ગુજરાત અમદાવાદ, સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન નંબર.: ૩૦૬૨ / ૨૦૧૫, તા.: ૦૨/૧૧/ ૨૦૧૮ ના રોજ આવેલ ચુકાદા અંગે એડવોકેટશ્રીની નિમણુંક બાબત.

ઠરાવ.:

નામદાર હાઈકોર્ટ, ગુજરાત અમદાવાદ, સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન નંબર.: ૩૦૬૨ / ૨૦૧૫ તા.: ૦૨/૧૧/ ૨૦૧૮ ના રોજ આવેલ ચુકાદા અન્વયેના આવેલ કામે, જરૂરી આગામી કાર્યવાહી કરવા અંગે, સદરહું કેસના જાણકાર, અનુભવી, અને નિષ્ણાંત એવા સીનીયર હાઈકોર્ટનાં એડવોકેટશ્રીની નિમણુંક કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૩૩૮ / તા.:૨૧–૧૨–૨૦૧૮.

---

––વ. કા. નં.– ૭

વિષયઃ– વલસાડ નગરપાલિકાના ઓકટ્રોઈ શાખાના ફાજલ કર્મચારીઓને સમાવવા બાબત..

ઠરાવ.:

વલસાડ નગરપાલિકા ધ્વારા ૨૦% મહેકમ કાપ બાદ ખાલી પડેલ જગ્યા પર સમાવવા બાબતે નામદાર સરકારશ્રીને દરખાસ્ત રજુ કરેલ હતી. સદરહુ દરખાસ્તમાં મે. નાયબ નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : નપાની / મહેકમ–૧ / ફા.નં.૧૪૩૫ / વશી. /૨૦૧૭ / ૨૩૧ તા.: ૦૪ /૦૧ /૨૦૧૮ પત્રથી પૂર્તતા મોકલવા જણાવેલ હતું તે મુજબ પૂર્તતા કરતા હાલે નગરપાલિકાના ૨૭ જેટલાં ઓકટ્રોઈના કલાર્કોને સમાવવાના થાય છે. જે બાબતની ચર્ચા વિચારણાનાં અંતે સરકારશ્રીના ઓકટ્રોઈ રદ થતાં સદર કર્મચારીઓને સમાવેશ કરવા જણાવેલ હતું. અને દરખાસ્તમાં આવેલ પૂર્તતા બાબતે જે તે સમયે ઓકટ્રોઈ શાખાના ૩૧ કર્મચારીઓને મંજુર થયેલ સેટઅપ પૈકી સમાવવાના બાકી હતા. તે પૈકી ૪ કર્મચારીઓ નિવૃત થયેલ છે. જેને ધ્યાને લઈ કલાર્ક સવર્ગના ૧૨ કર્મચારીઓને મંજુર થયેલ મહેકમ પૈકીની નીચે મુજબની યાદી પ્રમાણે ખાલી પડેલ જગ્યા પર બદલીથી સમાવેશ કરવાનુ અને દરખાસ્તમાં બઢતીવાળી જગ્યાઓ ભરવાની થાય છે. જે મંજુરી મળ્યેથી બઢતી

થી ભરવામાં આવે તો રેગ્યુલર સેટઅપમાં સમાવવાના બાકી રહેતા ઓકટ્રોઈ કર્મચારીઓને સમકક્ષ જગ્યા ખાલી થતા ઓકટ્રોઈના કર્મચારીઓને રેગ્યુલર સેટઅપમાં સમાવેશ કરી શકાય તેમ છે. આમ નગરપાલિકા ધ્વારા ઓકટ્રોઈના ફાજલ કર્મચારીઓને તબકકાવાર રીતે સમાવેશ કરવાનું ઠરાવવામાં આવે છે. જેથી રજુ કરેલ દરખાસ્તમાં બાકી રહેતી જગ્યાઓની મંજુરી મેળવવાની દરખાસ્ત નામદાર સરકારશ્રીને સાદર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | મંજુર થયેલ જગ્યાનું નામ / શાખાનું નામ. | હાલ ખાલી જગ્યાની વિગત |
|---|---|---|
| ૧ | મ્યુનિસિપલ હોસ્પિટલ | ૧ |
| ૨ | વોટર વર્કસ– સ્ટોર કલાર્ક | ૧ |
| ૩ | બાંધકામ શાખા | ૨ |
| ૪ | ડ્રેનેજ શાખા | ૧ |
| ૫ | મ્યુનિસિપલ સ્કુલ | ૧ |
| ૬ | હાઉસ ટેક્ષ | ૧ |
| ૭ | લાઈબ્રેરી | ૧ |
| ૮ | ટાઈપીસ્ટ | ૧ |
| ૯ | લાઈટ ઈન્સ્પેકટર | ૧ |
| ૧૦ | સબ ઈન્સ્પેકટર ( આરોગ્ય) | ૧ |
| ૧૧ | બાંધકામ શાખા સબ ઈન્સ્પેકટર | ૧ |
|  | ટોટલ | ૧૨ |